## ગીતાના શિક્ષણની ઉપયોગીતા પર એક દિવસીય જ્ઞાન સત્ર યોજાશે

ઉમા આર્ટસ એન્ડ નાથીબા મહિલા કોલેજ, ગાંધીનગર અને ભારતીય શિક્ષણ મંડળના સંયુક્ત ઉપક્રમે વર્તમાન સમસ્યાઓના સંદર્ભમાં ગીતાના શિક્ષણની ઉપયોગીતા વિષય પર એક દિવસીય જ્ઞાન સત્ર યોજાશે. ૯.૩૦ વાગે ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોલેજ હોલ સે-૨૩ ખાતે યોજવામાં આવશે. અધ્યક્ષ તરીકે ડૉ. મોહનલાલ છીપા, કુલપતિ, અટલ બિહારી બાજપાઈ હિન્દી વિશ્વ વિદ્યાલય, ભોપાલ, ઉદ્‌ઘાટક તરીકે ડૉ. ડી.ટી. કાપડિયા, ડાયરેક્ટર કડી વિશ્વ વિદ્યાલય, ડૉ. રમાકાન્ત શુકલ, વામનરાવ ગોગરેજી, ડૉ. અમૃતાબેન પટેલ, પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ ઉપસ્થિત રહેશે.

## હિંમતનગરમાં પર્યુષણ પૂર્ણ થતા શોભાયાત્રા નીકળી

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરમાં જૈન શ્વેતામ્બર જૈનોના પર્યુષણ શુક્રવારે પૂર્ણ થયા બાદ શનિવારે હિંમતનગરના વખારીયાવાડ મોટા દેરાસરથી ભગવાન મહાવીર સ્વામીની શોભાયાત્રા નીકળી હતી. જે શહેરના વિવિધ માર્ગો પર ફરીને મહાવીરનગરમાં મોટા દેરાસર ખાતે શોભાયાત્રા પૂર્ણ થઈ હતી. આ યાત્રામાં મોટી સંખ્યામાં ૨૦ જેટલા તપસ્વીઓ સહીત જૈન સમુદાય જોડાયો હતો.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આજે તાજપુર નજીક અમદાવાદથી હિંમતનગર તરફ જઈ રહેલા એક પીકઅપ ડાલાનું ટાયર ફાટી જતા પલ્ટી ખાઈ ગયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં એક યુવાનનું ઘટનાસ્થળે કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે તલોદ તાલુકાના રબારીના છાપરા પાસે કારની ટક્કરે મહિલાનું મોત નીપજ્યું હતું બંને બનાવ અંગે પ્રાંતિજ અને તલોદ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

# ડીસામાં ૩ મકાનોનાં તાળા તૂટ્યાં ૭૦ હજારથી વધુની ચોરી

ડીસા, તા. ૩૦

ડીસામાં તસ્કરોનો ત્રાસ યથાવત ચાલુ રહેલ છે, જેમાં અગાઉ અઠવાડીયા પહેલા એક જ રાત્રીમાં સાત મકાનોનાં તાળા તોડી અંદાજીત સાડા ત્રણ લાખની ચોરી કરનારા અજાણ્યા તસ્કરો એ પુનઃ આંતક મચાવી ગત રાત્રી એ વધુ ૩ મકાનોનાં તાળા તોડ્યા હતા અને અંદાજીત ૭૦ હજારની ચોરીને અંજામ આપતા પોલીસ દોડતી થઈ હતી.

બનાસકાંઠાના ડીસામાં ગત રાત્રીએ બે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા, જેમાં ડીસાનાં વણજારા વાસમાં રહેતા રમેશભાઈ તમસીભાઈ ઠાકોર જયારે પોતાના પરિવાર સાથે ગણપતિ મહોત્સવ કાર્યક્રમ જોવા ગયા હતા, અને તેમની ઘરડીમાં એકલા ઘેર હતા ત્યારે તક જોઈ અજાણ્યા તસ્કરોએ ઘરમાં ઘુસી રૂપિયા ૩૫,૦૦૦ હજારના રોકડ અને દાગીનાની ચોરી કરી હતી, જે બાબતે મકાન માલિકે ડીસા ઉત્તર પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જયારે બીજી અન્ય ચોરીમાં ડીસા હાઈવે વિસ્તારમાં આવેલી આતિથ્ય સોસાયટીમાં રહેતા મકાન માલિક મહેશભાઈ પટેલ અને અન્ય મકાન માલિક રાહુલભાઈ પટેલ જયારે વહેલી સવારે પોતાના મકાન બંધ કરી સામાજિક કામકાજ અર્થે ગયા હતા ત્યારે વહેલી સવારે સાડા ચાર વાગ્યા આસપાસ આ બન્ને મકાનોમાં અજાણ્યા તસ્કરો ઘુસ્યા હતા, અને મકાનનાં તાળા તોડી તેમાં પડેલા ઘરેણા અને રોકડ રકમ સહીત રૂપિયા ૩૫,૦૦૦ હજારની મત્તા ચોરી હતી. આમ, એક જ રાત્રીમાં કુલ ૩ મકાનોનાં તાળા તોડી તસ્કરો શહેરીજનોનાં ૭૦,૦૦૦ હજારથી વધુની મત્તા ચોરી કરી ભાગી છુટ્યા હતા. આ મામલે ડીસા તાલુકા અને ડીસા દક્ષિણ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

## શિલોંગ હેડકર્વાટર ખાતે નિપકોના સીવીઓ તરીકે સતીષ વર્માની નિમણુંક

ગાંધીનગર, તા.૩૦

રાજયના ૧૯૮૬ની બેચના ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી સતીષચંદ્ર વર્માને નિપકો કેન્દ્ર સરકારના પાવર સેકટરના શીલોંગ હેડકર્વાટર ખાતે સી.વી.ઓ. તરીકે નિમણુંક આપતા હુકમો કેન્દ્ર સરકારે કર્યા છે.

આ ઉપરાંત ૧૯૯૨ની બેચના ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી રજનીશ રાયની કેન્દ્રના યુરેનીયમ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ચીફ વીજીલન્સ ઓફીસર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

## ધનસુરા ખાતે કેવડાત્રીજની ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૩૦

ધનસુરા ખાતે ભાદરવા સુદ ત્રીજે બહેનો દ્વારા કેવડાત્રીજના વ્રતની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં મહિલાઓએ વ્રત અને પૂજા-અર્ચના કરી ગણેશ તેમજ શિવ-પાર્વતીની સ્તુતિ કરી આર્શિવાદ મેળવ્યા હતા. મહિલાઓ દ્વારા તેમના પતિ હંમેશા સુખી રહે આ સૌભાગ્ય વ્રત કર્યું હતું. ધનસુરાની વિશ્વકર્મા સોસાયટીમાં સતત બાર વર્ષથી આ વ્રતની પૂજા-વિધિ કરાય છે. આ વ્રતમાં મોટી સંખ્યામાં મહિલાઓ ભાગ લે છે. આ વ્રત રાજુભાઈ જોષી મહારાજ દ્વારા વિધિ વિધાનપૂર્વક કરાવવામાં આવે છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## એ.ટી.એસ.ના એલર્ટના પગલે અરવલ્લી જીલ્લાની રતનપુર ચેક પોસ્ટ પર સઘન ચેકીંગ હાથ ધરાયુ

ગઈ કાલે એ.ટી.એસ. ધ્વારા સમગ્ર ગુજરાત રાજયમાં રાજસ્થાનમાં ૧૫ જેટલા આંતકવાદીઓ ઘુસ્યાના પગલે એલર્ટ જાહેર કરવામાં આવ્યુ હતુ, તો બીજી બાજુ પાકિસ્તાન ધ્વારા પણ વારંવાર સીઝ ફાયરનુ ઉલ્લઘન કરી ભારતીય જવાનો પર હુમલા કરવામાં આવી રહયા છે ત્યારે રાજસ્થાનમાં ૧૫ આંતકવાદીઓ ઘુસ્યાને લઈને સમગ્ર ગુજરાત રાજયની પોલીસને એલર્ટ કરવામાં આવી દીધી છે જેના ભાગ રુપે આજે શામળાજી પી.એસ.આઈ. એ. કે. વાળા અને તેમની ટીમ ધ્વારા જીલ્લા પોલીસ વડાની સુચનાને પગલે અરવલ્લી જીલ્લાના શામળાજી ખાતે આવેલી રાજસ્થાન અને ગુજરાત ને જોડતી ચેકપોસ્ટ ઉપર સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી હતી અને રાઉન્ડ ધ કલોક ૨૪ કલાક રાજસ્થાન તરફથી આવતા તમામ સાધનોનુ સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના વિવિધ ભાગોમાં ભારે વરસાદ

### જામજોધપુરમાં વિજળી પડતા પિતા-પુત્ર સહિત ચારના મોત : જનજીવનને માઠી અસર : ભારે વરસાદની ચેતવણી

અમદાવાદ, તા.૩૦

ગુજરાતના ફરી એકવાર ભારે વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ તથા અન્યત્ર ફરીવાર ભારે વરસાદ જોવા મળ્યો છે.બીજી બાજુ જામજોધપુરના ગીંગણી ગામમાં વિજળી પડતા પિતા-પુત્ર સહિત ચાર લોકોના મોત થઈ ગયા છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ ભારે વરસાદ પડ્યો છે. ઘણી જગ્યાએ પાંચ ઈંચ સુધીનો વરસાદ થયો છે. હવામાન વિભાગે ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદની ચેતવણી પણ જારી કરી છે જેમાં સૌરાષ્ટ્ર-કચ્છ-દિવ-દમણનો સમાવેશ થાય છે. અમરેલી, લિલિયા, જૂનાગઢ, વંથલીમાં ભારે વરસાદ થયો છે. ભારે વરસાદના કારણે જનજીવનને પણ અસર થઈ છે.

મળેલી માહિતી મુજબ રાજકોટ અને અમરેલી સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદ નોંધાયો છે. ભાવનગર જિલ્લામાં ઝાપટાથી લઈને ભારે વરસાદ થતાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદી માહોલ વચ્ચે ત્રણ ઈંચ જેટલો વરસાદ થયો હતો. જેતલપુર, સુરેન્દ્રનગરમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ગીર અને સોમનાથ પંથકમાં પણ ભારે વરસાદ થયો છે. જેતપુર, પોરબંદર, ઉપલેટા હાઈવે ઉપર ભારે વરસાદ થયો છે. કુવાવાડા, લીંબડી, સુરેન્દ્રનગર અને મોરબી પટ્ટામાં પણ ભારે વરસાદ થયો છે. હવામાનમાં એકાએક પલટો આવ્યો છે. જે વિસ્તારમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે તેમાં ભાવનગરના ઘોઘા અને ઉમરાડાનો સમાવેશ થાય છે. વલ્લભીપુર અને પાલિતાણામાં અડધો ઈંચ વરસાદ થયો છે. ભાવનગર શહેરમાં વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદ થયો હતો. શહેરમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ થયો હતો.

બપોરથી જ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ભાવનગર શહેરમાં પણ જનજીવનને અસર થઈ હતી. જે વિસ્તારમાં વરસાદ થયો છે તેમાં જુનાગઢ, વિસાવદર, જામજોધપુર, લાલપુર, મહુવા, પાલિતાણા, શિહોર, ભેંસાણ, લપ્ષર, સુત્રાપાડા, વંથલીનો સમાવેશ થાય છે. રાજ્યમાં નવેસરથી વરસાદની ફરી એન્ટ્રી થઈ છે. સારા વરસાદના કારણે તંત્રને રાહત થઈ છે. વરસાદી માહોલની અસર હજુ યથાવત રહેવાની આગાહી હવામાન દ્વારા કરવામાં આવી છે.

# મણિનગર વિધાનસભા પેટા ચૂંટણીના ઓબ્ઝર્વર નિમાયા

અમદાવાદ, તા.૩૦

ભારતના ચૂંટણી પંચ દ્વારા ૫૩-મણિનગર વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૧૪ તા. ૧૩-૯-૨૦૧૪ના રોજ યોજાનાર છે. જેના અનુસંધાને પેટા ચૂંટણી દરમિયાન જનરલ ઓબ્ઝર્વર તરીકે આર.એસ. ખરબ, આઈ.એ.એસ. (મો.) ૮૪૮૯૭૬૧૨૮૬, ફેકસ નં. ૦૭૯-૨૨૮૬૪૪૩૦ તેમજ ખર્ચ અંગેના ઓબ્ઝર્વર તરીકે પી.કે. શર્મા, આઈ.એ.એસ. (મો.) ૮૪૬૯૭૬૧૨૧૭, ફેકસ નં. ૦૭૯-૨૨૮૬૧૧૬૦ની નિમણુંક કરવામાં આવી છે. સદરહુ ઓબ્ઝર્વરશ્રીઓને આ ચૂંટણી અંગે કોઈ પણ રજુઆત કરવી હોય તો તે એનેક્ષી શાહીબાગ ખાતે રજુઆત કરી શકાશે જેની જાહેર જનતાએ નોંધ લેવા ચૂંટણી અધિકારી ૫૩-મણિનગર વિધાનસભા મત વિભાગ અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

શહેરના સે-૪ સ્થિત જયંતભાઈ પી. સોલંકીનું અવસાન તા. ૨૯ના રોજ થયું છે. સ્વર્ગસ્થ જયંતભાઈનું બેસણું ૧ સપ્ટેમ્બર સોમવાર સાંજે ૫ થી ૭ દરમિયાન પ્લોટ નં. ૬૩૯/૨, સેકટર-૪-સી ખાતે રાખેલ છે.



### વડાગામમાં અનેક ઠેકાણે ગણેસજીની સ્થાપના

વડાગામ સ્ટેશન વિસ્તારમાં વિઘ્નહર્તા ગણપતિ ભગવાનની સ્થાપના કરાઈ છે. તેમજ પાટીદાર સોસાયટી ગણેશ મંડળ દ્વારા ગામમાં અને સ્ટેશન વિસ્તાર તેમજ સોસાયટીમાં પણ ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. આ આયોજકો દ્વારા સ્થાપના પૂર્વે ગણેશજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને લાડુનો ભોગ ધરાવી ગ્રામજનો માટે સુખ-શાંતિની કામના કરવામાં આવી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## શબ્દાવલી - ૫૪૯૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | | | | | |
| ૮ | ૯ | ■ | | ■ | | ■ | |
| ■ | ૧૦ | ૧૧ | | ■ | | ■ | |
| ૧૨ | | | ■ | ૧૩ | ■ | ■ | |
| ૧૪ | | ■ | ૧૫ | | ૧૬ | ૧૭ | ■ |
| ૧૮ | | | | ■ | ૧૯ | | ૨૦ |
| ■ | | ■ | ૨૧ | | ■ | ■ | |

### આડી ચાવી

૧. પાણી ભરવા જતી સ્ત્રી (૪)
૪. ખેલ, ગેમ (૨)
૭. જુદા જુદા વિચાર, વિચારોની ભિન્નતા (૬)
૮. બાણ, શર (૨)
૧૦. ગાદીપતિ, ધાર્મિક સંસ્થાના મઠાધીશ (૩)
૧૨. ઘરેણું (૩)
૧૪. આકાશ (૨)
૧૫. દેખરેખ (૪)
૧૮. સુંદર, સરસ (૪)
૧૯. મિલ્કત, વાડી... (૩)
૨૧. પર્વતની નીચેની સપાટીને... કહેવાય (૩)

### ઊભી ચાવી

૧. ચડતી અને... તો જીવનનો ક્રમ છે (૩)
૨. હિંમત (૨)
૩. રહેણીકરણી (૪)
૪. રાત પડે દેખી ના શકે તેવું (૪)
૫. વોટ (૨)
૬. પાણીથી ભીનું થયેલું (૫)
૯. વેરણ-છેરણ (૬)
૧૧. શ્વેત રંગનું એક પક્ષી (૨)
૧૨. પિતા (૩)
૧૩. માગણી (૨)
૧૫. દાનત (૩)
૧૬. છાવણી, તંબુ (૩)
૧૭. અંગત, પોતાનું (૨)
૧૮. સાડીની કિનારે મુકાતો વધારાનો પટ્ટો (૨)

### શબ્દાવલી ૫૪૯૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) હાલરડુ (૪) રાવણ (૬) વડ (૭) ગરબડ (૯) અરજી (૧૦) લારી (૧૨) તરંગ (૧૩) સ્ટડી (૧૪) નળ (૧૫) જવનિકા (૧૭) અડવી (૧૮) ગજરો (૨૦) દમામ (૨૧) કસરત

**ઊભી ચાવી :-** (૧) હાથવેંત (૨) લડ (૩) ડુંગર (૪) રાબ (૫) વડવો (૮) રજીસ્ટર (૯) અગમનિગમ (૧૧) રીસાળવી (૧૪) નડતર (૧૫) જલદ (૧૬) કાજ (૧૬) રોક

# પાલનપુર ખાતે લશ્કરી ભરતી મેળો

પાલનપુર, તા. ૩૦

ભારતીય ભૂમિદળમાં સોલ્જરની વિવિધ જગ્યાઓ જેવી, કે સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર ટેકનીકલ, સોલ્જર ટેકનીકલ (એવીએશન) સોલ્જર ટેકનીકલ (નર્સિંગ આસીસ્ટન્ટ), સોલ્જર કલાર્ક/સ્ટોર કીપર ટેકનીકલ માટે તારીખ ૨-૯-૧૪ થી ૧૨-૯-૧૪ એસ.આર.પી. ગ્રુપ-૩, મડાણા (ડાંગીયા), તા. પાલનપુર, જિ. બનાસકાંઠા ખાતે સવારે ૪.૦૦ કલાકે લશ્કરી ભરતીમેળો યોજાનાર છે. અમદાવાદ જિલ્લાના ઉમેદવારોએ ફકત તારીખ ૧૧-૯-૨૦૧૪ ગુરૂવારના રોજ હાજર રહેવા જણાવવામાં આવે છે. આ લશ્કરી ભરતીમેળામાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, નકલો તથા ૧૬ નંગ પાસપોટ સાઈઝના ફોટોગ્રાફ સાથે સ્વખર્ચે તા. ૧૧-૯-૨૦૧૪ના રોજ સવારે ૪.૦૦ વાગે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી માટે આર્મી રીક્રુટીંગ ઓફિસ, શાહીબાગ, અમદાવાદ દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેમાં ઉમેદવારોને લશ્કરી ભરતી મેળાની તારીખ, સ્થળ, આવશ્યક દસ્તાવેજો, શૈક્ષણિક લાયકાત અને શારીરિક યોગ્યતા અંગેની માહિતી ટેલિફોન નંબર ૨૨૮૮૬૪૬૪ ડાયલ કરવાથી પ્રાપ્ત થઈ શકશે. વધુ માહિતી માટે મદદનીશ નિયામકશ્રી (રોજગાર) ની કચેરી, અમદાવાદનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત ધ્વારા મકાનોની સહાયના ફોર્મ વિતરણનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત ધ્વારા મકાનોની સહાયના ફોર્મ વિતરણનો કાર્યક્રમ તાજેરમાં યોજાયો હતો.વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત મતવિસ્તારના લાભાર્થીઓને મકાન સહાયની યોજના અંતર્ગત ઈન્દીરા આવાસ યોજના,સરદાર આવાસ યોજના સહિત કાચા મકાનોની સહાયના ફોર્મ વિતરણ લાભાર્થી અરજદારોને કરાયા હતા.આ પ્રસંગે ભિલોડા ટી.ડી.ઓ. બી. ડી. સોલંકી,વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત ઉત્સાહી મહીલા સરપંચ ઈન્દુબેન તબીયાર,ભાવિનભાઈ તબીયાર સહિત ગ્રામ પંચાયતના સદસ્યો અને ગ્રામજનો,લાભાર્થી અરજદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### કમળ ખીલ્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સોલંકીએ પણ એક સમિતિમાંથી રાજીનામુ આપતાં તે મંજૂર કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ખેતીવાડી ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ તેમજ મહિલા બાળ વિકાસ સમિતિની સત્તાઓ પણ બહુમતિથી પરત લેવામાં ભાજપની વ્યુહરચના સફળ રહી છે.

રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે આજે મળેલી સામાન્ય સભામાં અધ્યક્ષસ્થાનેથી પાંચ જેટલા મુદાઓ લેવામાં આવ્યા હતા.

આ મુદાઓમાં પ્રમુખશ્રીના અંગત સ્ટાફ માટેની કચેરીના એકસ્ટેન્શન માટે રૂ. ૩.૫૦ લાખના ખર્ચની મંજૂરીનો પણ સમાવેશ થાય છે.

આજની બેઠકમાં કોંગ્રેસના સભ્યોએ વિરોધ જરૂર કર્યો હતો પરંતુ અસરકારક વિરોધ કરી શકવામાં નિષ્ફળ રહ્યા હતા. ઉત્તેજનાઓ વચ્ચે આરંભાયેલ બેઠક જેમ જેમ એજન્ડા પરના કાર્યો હાથ ધરાતા ગયા તેમ તેમ કોંગ્રેસ પણ વિરોધ કરવા પૂરતો વિરોધ કરતા હોય તેવું લાગતું હતું.

કોંગ્રેસના સભ્યોમાં વિરોધના સંકલનનો અભાવ વધુ જોવા મળતો હતો તેમજ ધારાસભ્યો જે હાજર હતા તે સતત માર્ગદર્શન આપતા હતા પરંતુ સભ્યો તેને અભિવ્યકત કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

### નંબરોની હરાજીમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુકવાયા હતા. ૯ નંબર રૂ. ૧૫,૫૫૧, ૭ નંબર માટે ૧૧,૧૧૧, ૯૯૯ નંબર માટે ૮૦૯૯ જ્યારે ચાર નવડા નંબર મેળવવા રૂ. ૬૪૬૫ ચુકવાયા હતા. આ ઉપરાંત ચાર સત્તા માટે ૪૫૬૮ અને ચાર આંકડાનો નંબર રૂ. ૪૦૫૦માં ફાળવવામાં આવ્યો હતો. હરાજીની પ્રક્રિયાના અંતે આર.ટી.ઓ. કચેરીએ રૂ. ૨.૧૫ લાખની આવક મેળવી હતી. જ્યારે ૧ નંબર માટે સૌથી વધુ ૨૩,૪૬૫ રૂપિયા ચુકવાયા હતા.



બનાસકાંઠાના પાલનપુરનો યુવાન મેહુલ મોદી આગામી સમયમાં અમેરિકા ખાતે યોજાનાર સાયકલરેસમાં ભાગ લેશે અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## સાંપડ ખાતે પ્રજાપતિ સમાજનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તાલુકાના યાત્રાધામ સાંપડ ખાતે દર વર્ષની જેમ ભાદરવી બીજના દિવસે પ્રજાપતિ સમાજ દ્વારા ભજન કિર્તન અને આરતીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હવન કરવામાં આવેલ ત્યાર બાદ સમૂહ આરતી યોજાઈ હતી.

દર વર્ષે પ્રાંતિજના પ્રજાપતિ સમાજ દ્વારા તેમના ધંધા રોજગાર બંધ રાખીને પણ યાત્રાધામ સાંપડમાં મહાકાળી માતાજીના મંદિરે આ દિવસે ભજન-કિર્તન-હવન અને આરતીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ કાર્યક્રમમાં સમાજના તમામ લોકો એકઠા થાય છે તેમજ ભજન કિર્તનબાદ પ્રસાદ-ભોજન ગ્રહણ કરે છે. રૂટિનમાં પ્રાંતિજની નાની ભાગોળ ખાતે આવેલ રામજી મંદિરમાં વર્ષોજુની પરંપરા મુજબ ભજન કિર્તન કરવામાં આવે છે.

## મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત સફાઈ અભિયાન રેલી

સ્વચ્છતા અભિયાન ઝુંબેશ અનુક્રમે પાલનપુર નગરપાલિકા દ્વારા વેપારી ભાઈઓ તેમજ શહેરીજનો કચેરી જાહેર રોડ ઉપર ના ફેકે તેમજ શહેરીજનોને શહેર સ્વચ્છ રાખવા સહયોગ આપે તે અભિગમ હેઠળ આજરોજ પાલનપુર નગરપાલિકા પ્રમુખ હસમુખ એમ. પઢીયારની આગેવાનીમાં નગરપાલિકાના સભ્ય કુસુમબેન રાવલ, હર્ષાબેન મહેશ્વરી, ગીરીશભાઈ પરમાર, મુખ્ય અધિકારી એસ.કે. અગ્રવાલ, ઓ.એસ. એ.ડી. પઢીયાર તેમજ કર્મચારીઓની એક રેલી નગરપાલિકા કચેરીથી શહેરના જાહેર માર્ગોથી નીકળી વેપારી ભાઈઓને સ્વચ્છતા અંગેના પેમ્પલેટ વેચેલ તેમજ પોતાની દુકાન આગળ ડસ્ટબિન રાખવા સુચન કરેલ.

### ઓર્ડર ઓર્ડર ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયતની આજની સભામાં કોંગી સભ્યોમાં પ્રવર્તતી નિરાશા સ્પષ્ટ વર્તાઈ આવતી હતી. થોડીક શાબ્દિક ટપાટપીની ઘટનાઓને બાદ કરતાં સભા શાંતિપૂર્વક ચાલી હતી.

સભા શરૂ કરતાં પહેલાં જ અધ્યક્ષ હીના પટેલે સભ્યોને સમયની મર્યાદામાં જ કામગીરી કરવા તેમજ સંયમ અને શાંતિથી મુદાસર રજુઆત માટે જણાવી સભાનું કામકાજ શરૂ કરવા જણાવ્યું હતું.

સભાના આરંભે કોણ કોણ આમંત્રિત છે, પોલીસ કર્મીઓને બહાર કાઢો, સભાની ફરજ સિવાયના કર્મચારીઓને પણ સભાખંડ છોડવા જણાવો જેવા મુદાઓ કોંગ્રેસે ઉપસ્થિત કરતાં પોલીસ કર્મીઓને સભાખંડમાંથી બહાર જવા વિનંતી કરાઈ હતી તેમજ ફરજ પરના કર્મચારીઓની યાદી અને આમંત્રિત મહેમાનોની યાદી વાંચી સંભળાવવામાં આવી હતી.

### કામ મંદ ગતિએ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરમાં વી.આઈ.પી. વિસ્તારમાં સ્થિત બંગલાઓ અને આવાસોના રીનોવેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ત્યારે કર્મચારીઓના આવાસ રીનોવેશનનું કામ મંજૂર થયા બાદ યોગ્ય સમયે કોન્ટ્રાક્ટરોના બીલો મંજૂર ન થતા કામગીરી પર વિપરિત અસર થવા પામી છે. લાંબા સમયથી જવાબદાર એજન્સીને બીલ ન ચુકવાતા કોન્ટ્રાક્ટરોના નાણાં અટવાઈ પડ્યા છે. પાટનગર યોજના વિભાગમાં ઉઘરાણા કરી કોન્ટ્રાક્ટરો તોબા પોકારી ગયા છે. પરંતુ ઘણા સમયથી બીલો પાસ ન થતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. બીજીતરફ સેક્ટરોમાં આવાસ રીનોવેશનની કામગીરી પણ મંદ ગતિએ ચાલી રહી છે.

ટચૂકડી જાહેર ખબર
**ડુપ્લેક્ષ વેચવાનું છે**
પેથાપુરથી ગાંધીનગર મેઈન રોડથી ૭૦ મીટરના અંતરે, ફુલ્લી ફર્નિચર સાથે, બે રસોડા, ૭-રૂમ, એક કેબીન
સંપર્ક : ૯૭૧૪૧૦૯૧૦૮